


"ચૂંટણીના નગારા વાગવા માંડ્યા હોં ભાઈ..!!"

"ઓ હો... તમને ક્યાં સંભળાયા પાછા..?!"

"આ બધું સંભળાય નહી..! આ સમજાય..!! ગુજરાતમાં નેતાઓનું આવનજાવન વધી ગયુ તેના પરથી સમજાય છે..! અમારા અને તમારા પ્રભારીઓએ અહીં તંબુ તાણ્યા છે..! મોદી સાહેબ ૨૦મીએ આવે છે..! અમિત શાહ સાહેબ ૧૩મીએ આવે છે..! રાહુલ ગાંધી ૧૭મીએ આવે છે..! આજ બતાવે છે કે ચૂંટણી બારણે છે..!!"

"ખરૂ છે સાહેબ, નહીં..! ચૂંટણી આવે ને નેતાઓને કાર્યકરો યાદ આવે... અને કાર્યકરોને મતદારો યાદ આવે..! અને પછી બધા હાંકે રાખે..!! આમ કરી દઈશું ને તેમ કરી દઈશુ..! અહીં આમ થશે ને તહીં તેમ થશે..! બધુ 'લોલમ્ લોલ'..!!"

"બહુ આકરા થઈ ગયા..!! આ આજનું ક્યાં નવી નવાઈનુ છે..! વર્ષોથી ચાલે છે..!!"

"પણ સાહેબ..! પેલા આટલા બધા ગપ્પા નો'તા આવતા..! હવે તો એમ થાય છે કે આ ચૂંટણી સભા છે કે ગપ્પા સ્પર્ધા છે... સમજાતું જ નથી..!"

"નવું લાયા હોં તમે..!! મત મેળવવા નવું તો કંઈક કહેવું ને..?! એમનેએમ મતદારો મત આપી દે..!?! અને સત્તાની સીડી ચડી જવાય..?! માર્કેટીંગનો જમાનો છે ભાઈ માર્કેટીંગનો... 'બોલે તેના બોર વેચાય'..!!"

"હું સો ટકા સહમત છું... માર્કેટીંગનો જમાનો છે..! પણ એના કોઈ ધારાધોરણ તો હોય ને..?! તમારા નળમાંથી ક્રુડ ઓઈલ આવશે... ધોલેરાના એરપોર્ટથી તમે દિલ્હી આવશો... પંદરલાખ તમારા ખાતામાં જમા થશે... વિગેરે વિગેરે..!!"

"પાછળ પડી ગયા છો તમે તો..! વાતે વાતે તમે ગઈ ચૂંટણીના ભાષણો જ યાદ કરો છો... કેટલું થયું ને કેવું થયુ તે દેખાતુ નથી... ગામે ગામ ને ઘરે ઘર ગેસ જોડાણો પહોંચ્યા... જનધન યોજનામાં કરોડો દેશવાસીઓના બેંક ખાતા ખુલ્યા..!! નોટબંધીથી કાળા નાણાંનો કારોબાર બંધ થયો... અને ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં મહત્વના કદમો ઉઠાવ્યા..! એ બધુ તમને નથી દેખાતુ..?! શબ્દો નહીં... ભાવ પકડો..!!"

"વાહ... વાહ..!! સાહેબ..! હવે બ્રહ્મજ્ઞાન તમને થયું..! તમારાવાળા હોય કે અમારાવાળા ચૂંટણીમાં તો આડેધડ ફેંકાફેંક એમજ ને..?!"

"એમ ગણો તો એમ..! તમને કંઈ કહેવા જઈએ છીએ એટલે તમે ઉંધુ જ વેતરો છો..!! તમને ગમે તેટલા વાંધા વચકા હોય તો પણ ડંકાની ચોટ પર કહુ છુ જીતવાના તો અમારા સાહેબ જ છે..!!"

"તો...તો... જાહેર કરી દો ને પરિણામ જ..! ચૂંટણીની ભાંજગડ જાય..! ગરીબ દેશને જેટલો ખર્ચો બચ્યો..! એ સારૂ જ છે ને..?! બીજે ક્યાંક વપરાશે..! ચીન જેવું કરી નાંખો..!"

"હં...એ..!! શું શું..?!"

"કેમ..?! ચીનમાં ના થયું..?! જિનપીંગ જીવે ત્યાં સુધી રાષ્ટ્ર પ્રમુખ..! એવો એક લીટીનો ઠરાવ..!!"

"... ના ના ના..!! એમ ના હોય..! આપણા દેશમાં હજુ પણ લોકશાહીમાં અતુટ શ્રદ્ધા છે..! પંચાયતથી પાર્લામેન્ટ સુધી અલગ-અલગ વિચારધારાના પ્રતિનિધિઓ રાજ કરે છે. વિવિધતામાં એકતા એ જ ભારતની વિશેષતા છે. આવો નેગેટીવ વિચાર ક્યારેય ના કરો ભાઈ..! વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે માન પાન ધરાવીએ છીએ..! ખબર છે ને તમને..?!"

"હા... સાહેબ...હા..! મેરા ભારત મહાન..!!"



**મેઘરાજાને મયુરની ટહેલ...હવે તો વરસો..**

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેરના લીધે પ્રકૃતિ તરબતર થઈ છે. ઉનાળાની વિકરાળ ગરમીથી ત્રસ્ત નાગરિકો અને હરિયાળી પ્રકૃતિ પણ વરસાદ વિના વિહવળતા અનુભવી રહયા છે. ગ્રીન ગાંધીનગરથી પણ મેઘરાજા રીસાયેલા રહેતા સૌ કોઈની નજર નભ તરફ મંડરાઈ છે. વારંવાર હાથતાળી આપી જતા મેહુલિયાને રીઝવવા માટે મયુર પણ મીઠો ટહુકાર કરી ઓવારણા લેવા ઉત્સુક છે. નભમાં નિખરતા વરસાદી વાદળો પલવારમાં જ વરસ્યા વિના વિખેરાઈ જતા જગતનો તાત પણ ચિંતિત છે... પ્રકૃતિની ગોદમાં વિહરતા અબોલ પક્ષીઓ પણ આકુળ વ્યાકુળ બન્યા છે. નગરની વનરાજીમાં વિહરતા મોર પણ મેહુલિયાને ટહુકી ટહુકીને ટહેલ નાંખી રહયા છે. મેઘરાજા હવે તો વરસો...

# આકાશમાં ઘેરાવો નાંખતા વરસાદી વાદળો વરસતા નથી : જનજીવન ત્રસ્ત

**અગાઉ અલપઝલપ બે ઇંચ પાણી ટપકાવી વિખેરાઇ ગયેલા વાદળો વરસવાનુ ભુલી ગયા : ખેડુતોમાં ચિંતા**

ગાંધીનગર તા ૯

દક્ષિણ ગુજરાત સહીત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં મેઘરાજાએ મનમુકીને હેત વરસાવ્યુ છે. પરંતુ ઉત્તર ગુજરાત સહીતના વિસ્તારમાં હજુ મેઘરાજાએ માત્ર એકાદ વખત હાજરી પુરાવી છે. ગાંધીનગરમાં પણ સિઝનનો માત્ર બે ઇંચ વરસાદ ત્રણ ટુકડે અલપઝલપ વરસીને અદ્રશ્ય થઈ ગયો છે. વાદળો રોજબરોજ આકાશમાં ગોરંભાય છે પણ વરસતા નથી. ગરમીથી આકુળ વ્યાકુળ નગરનુ જનજીવન માત્ર વરસાદની વાટે છે.

શહેરમાં અગાઉ બે વાર હળવા ભારે વરસાદી ઝાપટાના અંતે થોડીવાર માટે ઠંડક પ્રસરી હતી પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહીત વિસ્તારોમાં મહેરબાન મેઘરાજા ગાંધીનગરનુ સરનામુ ભુલી ગયા છે. ઉત્તર ગુજરાતમાં ખેડુતો અને આમ નાગરિકો વરસાદની વાટે રોજ દિવસો ગણતા હોય તેવી સ્થિતિ છે. મેઘરાજા અલપઝલપ વરસીને ચોમાસાની યાદ અપાવી અદ્રશ્ય થઈ જતા આમ નાગરિકો ગરમીથી ત્રસ્ત છે. દિવસ દરમિયાન આકરા બફારાથી પરસેવે ભીંજાતા નગરજનો હવે વરસાદ ક્યારે આવશે તેની વાટે છે. છેલ્લા એક સપ્તાહથી રોજબરોજ આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો મેહુલિયાની યાદ અપાવી વિખેરાઈ જાય છે. વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં ઘેરાવો નાંખતા કાળા ડીબાંગ વાદળો હવે વરસી પડશે તેવી આશ જન્માવતા મેઘરાજા મનમુકીને મહેર ન કરતા ખેડુતોમાં પણ વિશેષ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ

● અનુસંધાન પાન-૭ પર

## વનતંત્રએ નવા રોપાઓની વાવણીનુ કામ અટકાવી દીધુ

**હયાત રોપાઓને વરસાદની ગેરહાજરી વચ્ચે જીવંત રાખવા મથામણ**

ગાંધીનગર તા ૯

શહેરમાં વરસાદી વાદળો ડોકીયા કરી વિખેરાઈ જાય છે જયારે ગરમીથી ત્રસ્ત શહેરીજનો અને ખેડુતો નભ તરફ નજર માંડીને માત્ર વરસાદની વાટ નિહાળી રહયા છે. જયારે વરસાદ વિના વનતંત્ર દ્વારા નવા રોપાઓના વાવેતર કરવાનુ કામ પણ અટકાવી દેવાયુ છે. જયારે અન્ય રોપાઓને જીવંત રાખવા માટે પણ પ્રયાસો શરૂ કરી દેવાયા છે.

ગુજરાતમાં દક્ષિણ સહીત અન્ય સૌરાષ્ટ્રના ભાગોમાં મેઘરાજા મહેરબાન થયા છે. પરંતુ હજુ ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં વરસાદી વાદળો ડોકીયા કરી વિખેરાઈ જાય છે. વરસાદી વાદળો વરસવાનુ વિસરી ગયા હોય તેમ રોજબરોજ આકાશમાં જળ ભરેલા વાદળો હાજરી પુરાવી જાય છે. પરંતુ મનભેર વરસતા નથી. જેના લીધે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. જયારે બીજીતરફ

● અનુસંધાન પાન-૭ પર

# આગામી બે-ત્રણ દિવસમાં ભારે વરસાદ : અંબારામ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના મેઘ તરસ્યા વિસ્તારોમાં હવે ટૂંક સમયમાં મેઘ કૃપા થશે. આગામી ૧૦ થી ૧૪ જુલાઈ દરમ્યાન રાજ્યના ઘણા ભાગોમાં સારો વરસાદ પડશે તેવી આગાહી હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે કરી છે.

આ વખતે ચોમાસુ મોડુ પડ્યુ પરંતુ ચોમાસુ મોડુ પડે તે સ્વાભાવિક હતુ. ચોમાસાનુ સ્વરૂપ શિયાળુ હવામાન ઉપરથી નક્કી થતુ હોય છે. ઉપરાંત ઉનાળાની ગતિવિધી એ ચોમાસાને ઉત્તેજક રહેલી હોય છે અને ત્યાર પછી જૂનથી સપ્ટેમ્બર માસમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂન શરૂ થતુ હોય છે. આ વખતે કોરમના વાદળો મોડા આવ્યા હતા એટલે રાજ્યના ઘણાં ભાગોમાં જૂનની આખર અથવા તો જુલાઈના પ્રથમ સપ્તાહ પછી ચોમાસાની સક્રિયતા વધે. તા. ૬ જુલાઈથી સૂર્ય પુર્બવસુ નક્ષત્રમાં આવતા ચોમાસુ ગતિવિધી વધવાની હતી. તા. ૮મી સુધી દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ સક્રિય રહ્યુ હતુ પરંતુ રાજ્યના ઘણા ભાગોમાં ચોમાસાની સક્રિયતા ન રહેતા ખેડૂત ભાઈઓમાં ઉચાટ થાય તે સ્વાભાવિક છે. ભૌગોલિક બાબતો, ગ્રહો અને અન્ય આધારે જોતા તા. ૧૦ જુલાઈથી ચોમાસાની સક્રિયતા વધે અને રાજ્યમાં ભારે વરસાદ પડે. તા. ૧૨ થી ૧૪માં રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ થાય જેમાં ઉત્તર ગુજરાતના ભાગો, મધ્ય ગુજરાતના ભાગો તેમજ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ થાય. જ્યારે જુલાઈ તા. ૧૫ થી ૨૦માં રાજ્યના બાગોમાં ભારેથી અતિભારે વરસાદની

● અનુસંધાન પાન-૭ પર

## સે. ૨, ૨૪, ૨૫ અને ૪માંથી તાવના ૮૧ કેસ મળી આવ્યા

**શહેરી વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૩૫૯ સ્થાનોએ મચ્છરના પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨, ૨૪, ૨૫ અને ૪ માંથી આજે તાવના કેસ વધુ મળી આવ્યા છે. આ સેક્ટરો મેલેરિયા અને ડેન્ગ્યુ માટે પણ સંવેદનશીલ છે.

શહેરી વિસ્તારમાં આજથી શરૂ થયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રથમ દિવસે મેલેરિયા તંત્રની ટીમો દ્વારા સે. ૧, ૨, ૪, ૧૧, ૨૪, ૨૫ અને ૨૦ને આવરી લેવામાં આવેલ છે. ૮૫થી પણ વધુ કર્મચારીઓ દ્વારા આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરી મેલેરિયાતંત્રની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે સર્વેલન્સ દરમ્યાન તાવના ૮૧ કેસ મળી આવ્યા હતા. જેમાં સે. ૨માંથી ૧૪, સે. ૨૪માંથી ૩૮, સે. ૨૫માંથી ૨૧ અને સે. ૪માંથી ૮ કેસ તાવના મળ્યા હતા. તંત્રની ટીમો દ્વારા આ દર્દીઓના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે. આ ટીમો દ્વારા ૧૦,૭૯૭ મકાનોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૨૬,૧૬૨ પાત્રોની ચકાસણી કરાઈ હતી. આ પૈકી ૩૫૯ સ્થાનોમાં એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા આ સ્થાનો પર તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમો દ્વારા ત્યાં સ્વચ્છતા માટેનો સંદેશ આપવાની સાથે મેલેરિયાથી બચવા શુ કરશો તેના ઉપાયોની જાણકારી પણ આપવામાં આવી હતી. વાહકજન્ય રોગચાળા માટે આજથી ચોથો તબક્કો હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો હાથ ધરવામાં આવ્યો છે જે નોંધનીય છે.







દબાણ મુક્ત ગાંધીનગર - પાટનગરમાં છેલ્લા ત્રણ દિવસથી દબાણ હટાવવાની ઝુંબેશ પુરજોશમાં ચાલે છે... શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પરના લારી-ગલ્લા બે-ચાર અપવાદ સિવાય લગભગ હટાવી લેવાયા છે... સ્માર્ટ સિટીનું બિરૂદ પ્રાપ્ત થયા પછી ગંદકી અને દબાણના કલંકને કોઈપણ સંજોગોમાં દૂર કરવાનો પડકાર તંત્ર વાહકોએ ઉઠાવવાનો જ હતો... દબાણ માટે પ્રમાણિક પ્રયત્ન થાય તો ગાંધીનગર હજૂ વધુ સુંદર બનશે એમાં કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી...

# પાણીના સપ્લાય માટે વર્ષે ૧૯ કરોડનો ખર્ચ છતાં નિભાવણીનુ કામ મુશ્કેલ

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પ્રતિવર્ષ રૂ ૧૯ કરોડનો ખર્ચ કરવામાં આવે છે. શહેરના સે -૧ થી ૩૦ માં પાણીની જરૂરિયાત સંતોષવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવતો હોવા છતા સપ્લાય માટે વિજબીલ પાછળ મોટી રકમનો ખર્ચ થતો હોવાથી જાળવણી માટે બજેટ બાકી રહેતુ ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરના સે- ૧થી ૩૦ માં પાણી સપ્લાય કરવા માટે વોટર ઈન્ફાસ્ટકચરને પ્રતિમાસ રૂ ૫૦ લાખનુ પાણી બીલ ચુકવાય છે. જયારે જુના અને નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવા માટે પ્રતિમાસ અંદાજિત રૂ ૭૫ લાખ લાઈટ બીલ પાછળ ખર્ચ થાય છે. પાણીના તંત્ર માટે કામ કરતા મેનપાવરને પણ પ્રતિમાસ રૂ ૧૭ લાખ જેટલા પગારનુ ચુકવણુ થાય છે. આમ પાણી પુરવઠાના સપ્લાય માટે પ્રતિવર્ષ રૂ ૧૯ કરોડનો તોતિંગ ખર્ચ સરકાર ઉઠાવે છે. પરંતુ શહેરમાં પાણીનો વપરાશ વિશેષ છે.

નગરની સરકારી કચેરીઓ સહીત આમ નાગરિકોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સરેરાશ ૫૫ થી ૬૦ એમ એલ ડી પાણીનો સપ્લાય કરવામાં આવે

**પાણી વિતરણ માટે લાઇટ બીલ અને મેનપાવરના પગાર પાછળ જ તોતિંગ ખર્ચ થઇ જાય છે**

છે. નર્મદા ઉપરાંત બોરના પાણીનો પણ ઉપયોગ થાય છે. સમગ્ર દેશમાં માથાદીઠ વપરાશ ગાંધીનગરમાં વિશેષ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં પાણીના વપરાશની સાથે થતા બગાડનુ પ્રમાણ પણ વિશેષ છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી નગરના જુના સેકટરોમાં પાણી પુરવઠા માટેની લાઈનો નાંખવામાં આવી છે. આ લાઈન અંદાજિત ૪૦ વર્ષ જેટલી જુની છે. ત્યારે પાણીની લાઈનના લીકેજીસ ડામવા સહીતની જાળવણીનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે.

પાણી સપ્લાય પાછળ થતા મોટા ખર્ચના અંતે જાળવણી માટે રકમ બચતી ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં પાણીને લગતી ફરિયાદો તેમજ જુની કટાયેલી લાઈનોની જાળવણી કરવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. શહેરના સે-૧૪ થી ૩૦ માં દાયકાઓ જુની પાણીની લાઈન હવે સેકટરની વસતી અને વિકાસને અનુરૂપ રહી નથી તેમ મનાય છે. જયારે આ પાણી વિતરણ વ્યવસ્થાને અનુલક્ષી યોગ્ય જાળવણી પણ થઈ શકતી નથી. પાણી માટે ફળવાતી રકમમાંથી મોટાભાગનુ બજેટ વધતા લાઈટ બીલ તેમજ પગાર બીલ પાછળ જ ચુકવાઈ જાય છે. પાણી વિતરણ વ્યવસ્થા ને અનુલક્ષીને ગ્રાન્ટમાંથી રકમ ન બચતા તંત્ર માટે પાણીની લાઈનની જાળવણીનુ કામ મુશ્કેલ બની રહયુ છે.

## આજે ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની વરણી થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિની આજે પ્રથમ બેઠક મળશે. જેમાં સમિતિના ચેરમેનોની નિયુક્તીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે પ્રમુખ-ઉપપ્રમુખ પદની ચૂંટણી વેળાએ બળવાના સામનો કર્યા પછી આ બન્ને સમિતિઓ પર કબ્જો મેળવ્યો છે. હવે આ બન્ને સમિતિઓના ચેરમેનની નિયુક્તી આજે મળનારી બેઠકમાં આખરી થશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કોંગ્રેસ પક્ષે આજે દિવસ દરમ્યાન આ બન્ને સમિતિઓના ચેરમેનની નિમણુંક અને પક્ષના નેતાની પસંદગીને લઈ સભ્યોના મન જાણવા માટે સે. ૨૦ સ્થિત પંચાયત પ્રમુખના નિવાસસ્થાને ખાસ બેઠક યોજી હતી. જિલ્લાના આગેવાનોએ આ બેઠકમાં હાજરી આપી હતી. નવા ચેરમેનોની આજે નિયુક્તીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૧મીએ તેમનો નવો કાર્યભાર સંભાળશે ત્યારે ત્યાં ધારાસભ્યો, હોદ્દેદારો સહિત તમામ આગેવાનો અને કાર્યકરો હાજર રહેશે.

નવા ચહેરાઓને જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતાના સંકેતો પક્ષના અંતરંગ સૂત્રોમાંથી મળી રહ્યા છે.

## ગ્રામ્ય વિસ્તારોમાં ૧૯૮૪ સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે ૧૯૮૪ જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવ્યા છે.

**૫૧૭ તાવના દર્દી મળ્યા : ૧૩૦૦થી વધુ કર્મયોગીઓ દ્વારા સર્વેલન્સ હાથ ધરાયુ**

વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે ચોથા તબક્કાના આજથી શરૂ થયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રથમ દિવસે જ તંત્ર દ્વારા ૨,૯૫,૩૬૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

તંત્રની વિવિધ ટીમો દ્વારા આ સર્વેલન્સ દરમ્યાન ૫૧૭ તાવના કેસ શોધી કાઢવામાં આવ્યા હતા. મળી આવેલા આ તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી અને તે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રની ટીમો દ્વારા ૧૯૮૪ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા ત્યાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી. તંત્ર દ્વારા સર્વેલન્સની સાથે સાથે વરસાદી પાણીનો સંગ્રહ ના થાય તે માટે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગીત શીખો
કોઈપણ પ્રકારની ગીત સ્પર્ધા માટે ગીત શીખવાડવામાં આવશે.
સુગમ ગીત, સમૂહ ગીત, Semi Classical
Contact
96624 38594

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર સાહિત્યસભા અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર



મહાભારતના વિરાટપર્વમાં આવતા, પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન સૈરન્ધ્રી બનતા દ્રૌપદીના પાત્રને આધારે ચોપાઈ અને દોહરામાં સુબદ્ધ; વિશિષ્ટ કવિદૃષ્ટિથી રચાયેલાં સાત સર્ગનાં પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી'ની કવિમુખે પ્રસ્તુતિ.
કાવ્યપઠન : વિનોદ જોશી
૧૦ જુલાઈ, મંગળવાર, સાંજના ૫:૩૦
: સ્થળ :
નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સૈન્ટર, ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર.
રસ ધરાવતા સર્વેને ઉપસ્થિત રહેવા સાદર નિમંત્રણ છે.
: નિમંત્રક :
નટવર હેડાઉ, પ્રમુખ, ગાંધીનગર સાહિત્યસભા
રમેશ પટેલ, પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com